# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : SUNDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

*****************************************************

1) ભક્તિ અને શક્તિના મહાપર્વ નવરાત્રિનો આજથી પ્રારંભ – શક્તિપીઠ અંબાજી, યાત્રાધામ પાવાગઢ સહિતના ધાર્મિક સ્થાનોમાં ભક્તોનું ઘોડાપૂર.

2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના GMDC ખાતે આજે રાત્રે વાયબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ 2026નો શુભારંભ કરાવશે.

3) શક્તિપીઠ અંબાજી મંદિરના પ્રસાદ મોહનથાળને G.I. ટૅગ એનાયત.

4) ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની વિવિધ સાત બેઠકની પેટાચૂંટણી માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પૂર્ણ.

5) કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલે કહ્યું, સ્વદેશી અવકાશયાન દ્વારા ભારતીય નાગરિકોને અવકાશમાં મોકલવા તરફ દેશ આગળ વધી રહ્યો છે.

6) જૂનાગઢનાં ટેનિસ ખેલાડી જેન્સી કાનાબાર જુનિયર કેટેગરીમાં એશિયાનાં પહેલાં ક્રમાંકના ખેલાડી બન્યાં.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NAVRATRI MAHAPARVA SHUBHARAMBH

ભક્તિ અને શક્તિના મહાપર્વ નવરાત્રિનો આજથી પ્રારંભ થયો છે. નવરાત્રિના પહેલા નોરતે આજે માઁ દુર્ગાનાં પ્રથમ સ્વરૂપ માઁ શૈલપુત્રીની પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે. માઁ આદ્યશક્તિનાં પાવન પર્વ નિમિત્તે વિવિધ શક્તિપીઠ, યાત્રાધામ, મંદિરો સહિતના ધાર્મિક સ્થળો પર સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આજે અમદાવાદમાં GMDC મેદાન ખાતે વાયબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ 2026નો પ્રારંભ કરાવશે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે સૌને આસ્થા, આરાધના અને આનંદના તાલે રંગાઈને ગરબાના આ જનઉત્સવમાં ઉલ્લાસભેર સહભાગી થવા અને આદ્યશક્તિની ઉપાસનાની પરંપરાને વિશ્વ સમક્ષ ઉજાગર કરવા અનુરોધ કર્યો.

પંચમહાલના યાત્રાધામ પાવાગઢમાં પણ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું. આસો નવરાત્રિના નવલા નોરતાના વધાવવા સંપૂર્ણ પંચમહાલ જિલ્લો સજ્જ બન્યો છે.

(VOICECAST: VIPUL PUROHIT)

પહેલા નોરતે વલસાડમાં ઐતિહાસિક પારનેરા ડુંગર પર કુળદેવી ચામુંડા અને મહાકાળી માતાનાં દર્શન માટે વલસાડ ઉપરાંત વાપી, મુંબઈ અને સુરત જેવા શહેરોમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા.

દરમિયાન મહેસાણામાં યાત્રાધામ બહુચરાજી મંદિરમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ પ્રક્ષાલન વિધિ કરવામાં આવી. ત્યારબાદ આજે સવારે મંદિરમાં ઘટસ્થાપન વિધિ કર્યા બાદ માતાજીની પૂજા-અર્ચના કરવામાં આવી.

# BK MOHANTHAL GI TAG

શક્તિપીઠ અંબાજી મંદિરના પ્રસાદ મોહનથાળને ભૌગોલિક ઓળખ – G.I. ટેગ મળ્યો. અંબાજીના ચાચર ચોકમાં પેટન્ટ, ડિઝાઇન અને ટ્રેડમાર્ક્સના મહાનિયંત્રક અને ભૌગોલિક સંકેતોના રજિસ્ટ્રાર પ્રોફેસર ડૉક્ટર ઉન્નત પી. પંડિતની અધ્યક્ષતામાં યોજાયેલા સમારોહમાં મોહનથાળ પ્રસાદના G.I. ટેગનું સત્તાવાર પ્રમાણપત્ર શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને અર્પણ કરાયું. મોહનથાળ પ્રસાદને રાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટ ઓળખ મળતા પ્રસાદની નકલ અને અનધિકૃત ઉપયોગ સામે કાયદાકીય રક્ષણ મળશે. આ અંગે શ્રી પંડિતે વધુ માહિતી આપી.

(BYTE: DR. UNNAT P. PANDIT)

*"આજે ભારત સરકાર દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં આરાસુરી અંબાજી માતાજીના જે પારંપરિક પ્રસાદ છે અંબાજી મોહનથાળ એને જીઆઈ ટેગ આપવામાં આવ્યું, એ સૌ માઈ ભક્તો માટે ગૌરવની વાત છે. આ ગૌરવ દ્વારા આપણે ગુજરાતની સંસ્કૃતિ અને ગુજરાતની પારંપરિક આસ્થા છે એમાં, એને પણ વંદન કરીએ છીએ."*

# GNR POLICE ALERT

નવરાત્રિના પર્વને લઈ રાજ્યભરમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. દરમિયાન ગાંધીનગર રેન્જ પોલીસ દ્વારા ગાંધીનગર, સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અંદાજે ત્રણ હજાર પોલીસકર્મીઓ અને એક હજાર 700 જેટલા ગૃહરક્ષક દળના જવાનોને સુરક્ષાની જવાબદારી સોંપાઈ હોવાનું ગાંધીનગર રૅન્જના I.G. વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું.

# SRT DIWALI EXTRA BUS

રાજ્યના એસ. ટી. નિગમ દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે સુરતથી એક હજાર 600 વધારાની બસનું સંચાલન કરાશે. તેનાથી સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત તથા દાહોદ, પંચમહાલ જતા લોકોને રાહત થશે. સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, જરૂર મુજબ સુરતથી બે હજાર 500 સુધીની બસનું પણ સંચાલન કરવા એસ. ટી. વિભાગ તૈયાર છે.

(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

*"આપડે પ્લાનિંગમાં 1600 બસો અને એસ.ટી. આપણા દ્વાર માટેની વ્યવસ્થાઓ કરી છે. પરંતુ જો વહેલા લોકો બુક કરાવી લેશે અને સમયાંતરે જો લોકો બસ માંગશે તો જેટલી બી બસની જરૂર હશે એટલી એસ.ટી. દ્વારા દિવાળીમાં પોતપોતાના પરિવારજનોને પાસે ગામડે જવા માટે આ વ્યવસ્થાઓ રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવાનું નક્કી કરવામાં આવ્યું છે."*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

(VOICE CAST: IMP ANNOUNCEMENT)

# LOCAL BODIES ELECTION AND BY ELECTION

ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખેરાલુ, છોટાઉદેપુર અને બાયડ નગરપાલિકા, દેવભૂમિદ્વારકા જિલ્લા પંચાયત, પડધરી, સતલાસણા અને હારીજ તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન પૂર્ણ થયું.

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગની યાદી મુજબ, સાંજે 6 વાગ્યા સુધીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના 11 વૉર્ડમાં સરેરાશ 55 ટકા મતદાન નોંધાયું છે. જ્યારે બનાસકાંઠાની થરા નગરપાલિકાના છ વૉર્ડ માટે સરેરાશ 79 ટકા અને દેવભૂમિદ્વારકાની ઓખા નગરપાલિકાના નવ વૉર્ડ માટે સરેરાશ 56.44 ટકા મતદાન નોંધાયું.

પેટાચૂંટણી પર નજર કરીએ તો, મહેસાણાની ખેરાલુ નગરપાલિકા માટે 69, છોટાઉદેપુર નગરપાલિકા માટે 61 અને અરવલ્લીની બાયડ નગરપાલિકા માટે 53 ટકા સરેરાશ મતદાન થયું. દેવભૂમિદ્વારકા જિલ્લા પંચાયત માટે સરેરાશ 61 ટકા, રાજકોટની પડધરી તાલુકા પંચાયત માટે સરેરાશ 75 ટકા મતદાન નોંધાયું.

# ROADS AND BUILDING DEPARTMENT CHINTAN SHIBIR

ગાંધીનગરમાં યોજાયેલી માર્ગ અને મકાન વિભાગની ચિંતન શિબિરમાં અધિકારીઓએ પાંચ મુખ્ય વિષય પર ચર્ચા કરી. તેમાં માર્ગ સંબંધિત પરિયોજનાના ઝડપી અમલીકરણ, ગુણવત્તા, જાળવણી અને માર્ગ સલામતી; સરકારી ઇમારતોના આકાર, બાંધકામની ગુણવત્તા અને ટકાઉપણું; પુલોની સલામતી, નિયમિત નિરીક્ષણ અને આધુનિક દેખરેખ વ્યવસ્થા; માનવ સંસાધનનું ક્ષમતા નિર્માણ, તાલીમ અને કૌશલ્ય વિકાસ; તેમજ ટૅક્નોલૉજીનો ઉપયોગ, પ્રક્રિયામાં સુધારા અને પારદર્શક કાર્યપદ્ધતિ જેવા વિષય અંગે ચર્ચા કરવામાં આવી.

“ગતિ, ગુણવત્તા, ગૌરવઃ વિકસિત ભારત 2047 માટે માળખાકીય સુવિધાને વેગ”ના વિષયવસ્તુ હેઠળ આઠ અને નવ ઑક્ટોબરે યોજાયેલી શિબિરમાં મળેલા સૂચનનો વ્યવહારમાં અમલ થઈ શકે તે માટે સક્રિય અમલીકરણ વ્યૂહરચના તૈયાર કરાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું.

# NVS CR PAATIL PROG

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે નવસારીમાં ભારતીય અવકાશ સંશોધન સંસ્થા – ઇસરોના પ્રદર્શનની મુલાકાત લીધી. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું, ભારત અવકાશ ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તેમણે ઇસરોના વૈજ્ઞાનિકોની પ્રતિભા, પરિશ્રમ અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણને સમગ્ર દેશ માટે ગૌરવ અને પ્રેરણા સમાન ગણાવ્યું. પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી પાટિલે વધુ માહિતી આપી.

**(BYTE: C. R. PAATIL, UNION JALSHAKTI MINISTER)**

*"એક સમય હતો કે આપણે વિદેશ ઉપર આધાર રાખવો પડતો હતો. આજે વિદેશના અલગ અલગ દેશો એ આપણી સાથે કોલેબોરેશન કરવા માંગે છે. હવે મેડ ઇન ઇન્ડિયા જ યાન દ્વારા આપણે માનવને આપણા દેશના વ્યક્તિને આપણે સ્પેસમાં મોકલવા માટે આગળ વધી રહ્યા છે. ખૂબ કામ એમાં પણ થયું છે."*

ઉપરાંત શ્રી પાટિલ રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન અંતર્ગત નવસારીના એરુ સ્થિત કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે યોજાયેલા તાલીમ કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહ્યા.

# JUNAGADH-TENIS-STAR-GIRL

જુનાગઢનાં ટેનિસ ખેલાડી જેન્સી કાનાબાર જુનિયર કેટેગરીમાં એશિયાનાં પહેલાં ક્રમાંકનાં ખેલાડી બન્યાં. જેન્સી કાનાબાર જાન્યુઆરી 2026માં મેલબોર્ન ખાતે રમાયેલી ઓસ્ટ્રેલિયન ઓપન એલાઈટ અંડર -14 ટ્રોફી જીતનારાં પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બન્યાં હતાં. ઉપરાંત મે મહિનામાં કઝાખસ્તાનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતાં જુનિયર બીલી જીન કિંગ કપમાં તમામ છ મેચમાં વિજય બન્યાં હતાં. તેઓ પુણેમાં એપ્રિલમાં આયોજિત આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વની ગણાતી ITF- ઇન્ટરનેશનલ ફેડરેશનની J-300 સ્પર્ધામાં ઉપવિજેતા રહ્યાં હતાં. સાથે જ તેમણે સૌથી નાની વયે 14 વર્ષથી ઓછાં વયજૂથમાં રાષ્ટ્રીય વિજેતા બનવાનો વિક્રમ પણ બનાવ્યો. અગાઉ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જેન્સીની સિદ્ધિને બિરદાવી હતી.